# બટાકા પકવ્યા પણ ખાતર માથે દિવા જેવો ઘાટ

## ઉત્તર ગુજરાતમાં અનલોક પછી માંગ વધી પણ બટાકાના ભાવ તળીયે

બાયડ (બ્યુરો ઓફિસ) તા.૧૭

ઉત્તર ગુજરાતમાં ચોમાસાની સીઝનમાં અન્ય શાકભાજીના ભાવમાં વધારો થયો છે પરંતુ શાકભાજીનો રાજા ગણાતા બટાકાના ભાવ તળીયે પહોંચ્યા છે. અનલૉક પછી ૫ જિલ્લામાં હોટલ, રેસ્ટોરન્ટ તેમજ અન્ય ખાણી-પીણીની રેકડીઓ ખૂલતાં બટાકાની માંગ વધી છે પરંતુ ભાવ નીચા હોવાના કારણે બટાકા પકવ્યા પછી ખેડૂતો માટે ખાતર માથે દિવા જેવો ઘાટ ઘડાયો છે. ૫ જિલ્લામાં ૧ કીલો દીઠ બટાકાનો ભાવ રૂા.૧૦ થી ૧૫ બોલાઈ રહ્યો છે જેથી કોલ્ડ સ્ટોરેજમાંથી ખેડૂતો બટાકા વેચવા કાઢે તોય પરવળે તેમ ન હોવાથી બટાકાનું ઉત્પાદન કરનારા ખેડૂતો મૂંઝાયા છે.



રસોડામાં ડુંગળીની જેમ જ બટાકાનું મહત્વ રહેલું છે. ઉત્તર ગુજરાતમાં વર્ષોથી ખેડૂતો બટાકાના પાકનું વાવેતર કરતા આવ્યા છે પરંતુ આ વખતે ખેડૂતોને ખેતીમાં લાખના બાર હજાર કરવા પડે તેવી સ્થિતિ ઉભી થઈ છે. લૉકડાઉન સમયે ખેડૂતોને અને ત્યારબાદ અનલૉકના અમલમાં બટાકાના ભાવમાં વધારો થશે તેવી આશા હતી પરંતુ તે ખોટી સાબિત થઈ છે. ઓછા ભાવે જથ્થાબંધ તેમજ છૂટક બજારમાં બટાકા વેચાઈ રહ્યા છે. બટાકાની સીઝન સમયે પ્રતિ ૨૦ કીલોના ભાવ રૂા.૧૩૦ આસપાસ હતો જેથી મોટાભાગના ખેડૂતોએ બટાકાનો જથ્થો કોલ્ડ સ્ટોરેજમાં ભરી વધુ ભાવ મળશે તેવી ધારણા રાખી હતી પરંતુ હાલની સ્થિતિએ બટાકા વેચવા કાઢે તો પણ ખેડૂતોને માત્ર ને માત્ર ખોટ સહન કરવી પડે તેવી સ્થિતિ છે. જ્યારે છૂટક બજારમાં બટાકાના ભાવ તળીયે પહોંચ્યા છે. વરસાદના આરંભ સાથે ઉત્તર ગુજરાતમાં અન્ય શાકભાજીના ભાવ ઉંચકાયા પરંતુ પ્રતિકીલો બટાકાનો ભાવ રૂા.૧૦ થી ૧૫ સ્થિર થયો છે જેના કારણે ખેડૂતોને આર્થિક ફટકો પડી શકે છે. અનલૉક પછી મોટાભાગના વિસ્તારોમાં બટાકાની માંગ વધી છે પરંતુ ભાવ નીચા જોવા મળી રહ્યા છે.

## જિલ્લામાં ખરીફ ખેતીના ખૂટતા શ્વાસ, વરસાદી ઝાપટાંથી ક્ષણિક રાહત

સાબરકાંઠા, અરવલ્લી જિલ્લામાં આ વર્ષે વરસાદનો ધોરીમાસ ગણાતા અષાઢ મહિનામાં ભારે વરસાદની આશા ઠગારી નિવડી છે. ખેડૂતોએ ૧૪ તાલુકાઓમાં અત્યાર સુધીમાં ૩.૩૦ લાખ હેક્ટરથી વધુ જમીનમાં વિવિધ ખરીફ પાકનું વાવેતર કરી દીધું છે પરંતુ ખેતી માટે પર્યાપ્ત વરસાદ વરસતો નથી જેથી ખરીફ ખેતીના ખૂટતા શ્વાસ જેવી સ્થિતિ છે. વાવેતર બચાવવા માટે ખેડૂતોને સિંચાઈનાં પાણી છોડવાની ફરજ પડી છે પરંતુ માત્ર આકાશી ખેતી ઉપર નભતા ખેડૂતો માટે ચિંતાનાં વાદળ ઘેરાયાં છે. બંન્ને જિલ્લામાં ધોધમાર વરસાદની આશા વચ્ચે અલપ..ઝલપ ઝાપટાં સ્વરૂપે વરસાદ વરસતાં ખેતીને ક્ષણિક રાહત જરૂર થઈ પરંતુ વરસાદની ખેંચથી ખેતીનું ચિત્ર ચિંતાજનક છે.

ચોમાસાના અટકચાળાથી ખેડૂતોના જીવ તાળવે ચોંટ્યા છે. વર્તમાન સીઝનમાં વરસાદ વહેલો હોવાનું ખેડૂતોએ માની લીધું ખેતરોમાં ખરીફ સીઝનનો ધમધમાટ શરૂ થયો. કપાસ, મગફળી, મકાઈ સહિતના પાકની વાવણી ખેડૂતોએ હરખાતા હૈયે કરી પરંતુ હવે વરસાદ ધાર્યા કરતાં વધુ ખેંચાયો છે જેથી ખરીફ ખેતી ઉપર સંકટ ઉભું થયું છે. આકાશમાં ધોધમાર વરસાદ વરસે તેવા ચિન્હો જણાય છે પરંતુ વરસાદ વરસતો નથી. વાવેતર પછી બિયારણ નિષ્ફળ જાય તેવી દહેશતના પગલે ખેડૂતોએ હવે વાવેતર બચાવવા માટે સિંચાઈનાં પાણી છોડ્યાં છે. જ્યારે વરસાદ આધારીત ખેતી કરનારા ખેડૂતો ઘેરી ચિંતામાં સરી પડ્યા છે.

# વિશ્વ સર્પ દિવસ : ઉત્તર ગુજરાતમાં ૪૦ પ્રકારના સર્પોમાં ૪ પ્રજાતિ ઝેરી

બાયડ (બ્યુરો ઓફિસ) તા.૧૭

તા.૧૬ જુલાઈ, શુક્રવારે વિશ્વ સર્પ દિવસની ઉજવણી થઈ આ પ્રસંગે સર્પ બચાવો અભિયાન અંતર્ગત લોકોમાં જાગૃતિ લાવવાના વન વિભાગે કોઈ ઠોસ પ્રયાસ કર્યા નથી પરંતુ જીવદયા પ્રેમીઓની જાગૃતતાના કારણે સર્પ બચાવો અભિયાન જીવના જોખમે સર્પ નિષ્ણાતો ચલાવી રહ્યા છે. ઉત્તર ગુજરાતમાં અંદાજીત ૪૦ પ્રકારના સર્પો જોવા મળે છે જેમાં કોબ્રા, ખડચીતરો અને કાળોતરો સાપ સૌથી વધુ ઝેરી ગણાય છે. ઝેરી સર્પ કરતાં બિનઝેરી સાપની સંખ્યા સવિશેષ જોવા મળતાં રહેણાંક વિસ્તારમાં ચોમાસાની સીઝનમાં સાપ જોવા મળવા સામાન્ય બાબત બની રહી છે પરંતુ ડરના માર્યા લોકો સાપને મારી નાખતા હોય છે જેથી સર્પ વિશે વધુમાં વધુ જાગૃતતા આવે તેવા પ્રયાસ થાય તો જ વિશ્વ સર્પ દિવસની ઉજવણી સાર્થક થઈ શકે છે.



આજના વિકસિત યુગમાં પશુ-પક્ષીઓના રહેઠાણ યેનકેન પ્રકારે છીનવાઈ રહ્યાં છે. ગાઢ જંગલ વિસ્તાર ઘટ્યો હોવાથી વન્ય પ્રાણીઓ ખોરાક-પાણીની શોધમાં અવાર નવાર રહેણાંક વિસ્તારમાં જોવા મળવા સામાન્ય બની રહ્યું છે. ચોમાસાની સીઝન આવે એટલે સર્પો અચૂક જોવા મળતા હોય છે. ઉત્તર ગુજરાતમાં ઝેરી સર્પોની પ્રજાતિ જૂજ હોવા છતાં સાપ દેખાય એટલે તેને ઝેરી માની મોતને ઘાટ ઉતારવાના પ્રયાસ થતા હોય છે પરંતુ છેલ્લા કેટલાક વર્ષોથી સર્પ પ્રેમીઓ દ્વારા લોકોમાં જાગૃતિ લાવવાનો સૂપેરે પ્રયાસ થઈ રહ્યો છે. જ્યારે સરીસૃપ તેમજ અન્ય વન્ય પ્રાણીઓનું સંરક્ષણ અને સંવર્ધન કરવાની જવાબદારી જેના શિરે છે તે વન વિભાગ કાગળ ઉપર જ કામગીરી કરતું હોય તેવું ચિત્ર ઉપસ્યું છે. ઉત્તર ગુજરાતના સાબરકાંઠા, અરવલ્લી, મહેસાણા, બનાસકાંઠા અને પાટણ જિલ્લામાં કોબ્રા, ખડચીતરો, કાળોતરો અને ફૂરસા સહિતના ઝેરી સાપો જોવા મળવાની સાથે ધામણ, બીલ્લી, પટીત રેતીયો તેમજ બિનઝેરી અજગર, ડેડું, ભંભોરી, આંધળી ચાકણ, વરૂદંતિ, સામાન્ય રૂપસુંદરી, ઘઉંલો, તાંબાપીઠ, રેખાંકીક કૂકડી, શ્યામશિર, વોલેસનો પતિયે સાપની પ્રજાતિ વધુ હોવાનું સર્પ નિષ્ણાતો જણાવી રહ્યા છે. ઉત્તર ગુજરાતના સાબરકાંઠાના વિજયનગર અરવલ્લીના ભિલોડા સહિતના વિસ્તારોમાં હમણાંથી બિનઝેરી ગણાતા અજગરની સંખ્યા સવિશેષ વધી હોય તેવું જણાઈ રહ્યું છે. મોટાભાગના સાપ માર્ચ થી ઓક્ટોબર માસ દરમ્યાન રહેઠાણનું દર છોડી બહાર આવતા હોય છે. આ સમયમાં ખોરાક તેમજ સંવનની શોધમાં સાપ વધુ ટહેલતા જોવા મળે છે. મોટાભાગના સર્પ બિનઝેરી હોવાની સાથે ભાગ્યે જ હુમલો કરતા હોવાથી કારણ વગર સર્પોને મોતને ઘાટ ઉતારવાને બદલે સાપ દેખાય તો સર્પ નિષ્ણાતોને જાણ કરી તેને બચાવવા જોઈએ તેવું સર્પ પ્રેમીઓ જણાવી રહ્યા છે.



# હિંમતનગરમાં રાષ્ટ્રીય બજરંગ દળ દ્વારા જિલ્લા કલેક્ટરને આવેદન

### રાષ્ટ્રીય બજરંગ દળના અધ્યક્ષની હત્યાથી હિન્દુ સંગઠનોમાં રોષ

રાજસ્થાનના ઝાલાવાડ જિલ્લામાં રાષ્ટ્રીય બજરંગ દળના અધ્યક્ષ કૃષ્ણા વાલ્મિકીની કસાઈઓ દ્વારા કરપીણ હત્યા કરી તેનો વિડીયો સોશ્યલ મીડીયામાં વાયરલ કરી દેશમાં શાંતિ ભંગ કરવાનું અક્ષમ્ય કૃત્ય આચરવામાં આવતાં હિન્દુ સંગઠનોમાં રોષ ફાટી નિકળ્યો છે. ગત રોજ રાષ્ટ્રીય બજરંગ દળ, હિન્દુ હેલ્પલાઈન તેમજ ગૌ સેવા હેલ્પલાઈનના કાર્યકરો દ્વારા હિંમતનગરમાં જિલ્લા કલેક્ટરને આવેદનપત્ર આપી હત્યાનો કેસ ફાસ્ટ ટ્રેક કોર્ટમાં ઝડપથી ચલાવી દોષિતોને ફાંસીની સજા આપવામાં આવે તેવી માંગ કરવામાં આવી હતી.



પ્રાપ્ત જાણકારી મુજબ સાબરકાંઠાના હિંમતનગરમાં ઉત્તર ગુજરાત પ્રાંત મહામંત્રી જયંતિભાઈ પટેલ, રાષ્ટ્રીય બજરંગ દળ જિલ્લા અધ્યક્ષ કનકસિંહ ઝાલા તેમજ જિલ્લા અને તાલુકા ગ્રામ સમિતિના કાર્યકરો ઉપરાંત સંગઠનના હોદ્દેદારો દ્વારા જિલ્લા કલેક્ટરને આવેદનપત્ર આપી પડોશી રાજ્ય રાજસ્થાનમાં રાષ્ટ્રીય બજરંગ દળના અધ્યક્ષની જે હત્યા કરવામાં આવી છે તેમાં દોષિતોને ઝડપથી ફાંસી આપવા માટે માંગ કરવામાં આવી છે. દેશમાં શાંતિનું વાતાવરણ કલુષિત કરવાના મલીન ઈરાદા સાથે કસાઈઓ દ્વારા તેનો હત્યા કરતો વિડીયો સોશ્યલ મીડીયા ઉપર વાયરલ કરવામાં આવતાં હિન્દુ સંગઠનો સમસમી ઉઠ્યા છે. કૃષ્ણા વાલ્મિકી પરિવારને રાજસ્થાન સરકાર દ્વારા રૂા.૨૫ લાખની સહાય આપવામાં આવે તેમજ કેન્દ્ર સરકાર દ્વારા ગૌ હત્યાનો કાયદો બનાવી ગાયને રાષ્ટ્ર માતા જાહેર કરવામાં આવે તેવી માંગ સાથે હિંમતનગર ખાતે જિલ્લા કલેક્ટરને આવેદનપત્ર આપવામાં આવ્યું ત્યારે આંતરરાષ્ટ્રીય હિન્દુ પરીષદ, રાષ્ટ્રીય બજરંગ દળ, હિન્દુ હેલ્પલાઈન, ગૌ સેવા હેલ્પલાઈનના પદાધિકારીઓ તેમજ કાર્યકરો ઉપસ્થિત રહ્યા હતા.

# જિલ્લામાં વરસાદ માંડ વરસ્યો છે ત્યાં ગામડામાં ખદબદતી ગંદકી

### કરોડોના ખર્ચે તૈયાર આર.સી.સી. રોડ ગંદકીથી લથપથ, રોડ બનાવી પંચાયતો જાળવણી ભૂલી

બાયડ (બ્યુરો ઓફિસ) તા.૧૭

સાબરકાંઠા, અરવલ્લી જિલ્લામાં વરસાદ માંડ વરસ્યો છે ત્યાં ગામડાઓમાં ખદબદતી ગંદકીથી પ્રજા પારાવાર યાતના અનુભવી રહી છે. કરોડોના ખર્ચે તૈયાર થયેલા આર.સી.સી. રોડ પણ ગંદકીથી લથપથ થતાં પગપાળા પસાર થવું પણ મુશ્કેલ બન્યું છે. રોડ બનાવી પંચાયતો જાળવણી ભૂલી છે અને ચોમાસાના આરંભે સ્વચ્છતા અભિયાનનું સૂરસૂરીયું થયું હોય તે રીતે જાહેર રસ્તા ઉપર ગંદકી ફેલાતાં રોગચાળાની દહેશત વ્યક્ત થઈ છે. ખાસ કરીને વિકસિત ગણાતા ગામડાઓમાં આર.સી.સી. રોડની હાલત ગંદકીથી બદત્તર બની છે.

ગામડાંના સર્વાંગી વિકાસ માટે રાજ્ય સરકારની વિવિધ યોજનાઓ દ્વારા આર.સી.સી.રોડ લાખો રૂપિયાના ખર્ચે તૈયાર કરવામાં આવ્યા છે. અગાઉ રસ્તાના અભાવે પ્રજા દરદર ઠોકરો ખાતી ફરતી હતી પરંતુ હવે સુવિધાયુક્ત રસ્તા તૈયાર કરાયા પછી પણ અસુવિધાઓ સ્પષ્ટ દેખાય છે. જિલ્લામાં ૧૫મા નાણાપંચ તેમજ અન્ય સરકારી યોજનાઓમાં વિકસિત ગણાતા ગામડાઓમાં લાખો રૂપિયાના ખર્ચે આર.સી.સી. રોડ બનાવાયા હતા પરંતુ ચોમાસાના આરંભે નવા રસ્તા ટૂંક સમયમાં જ નામશેષ થઈ જાય તેવી સ્થિતિ પેદા થઈ છે. વરસાદી પાણીના નિકાલનો સ્પષ્ટ અભાવ અને આર.સી.સી. રોડ ઉપર પારાવાર ગંદકીનું સામ્રાજ્ય ફેલાયેલું રહેતાં પ્રજા સામાન્ય વરસાદમાં પણ ગંદકીના કારણે ત્રાહીમામ પોકારી ગઈ છે. જિલ્લામાં આર.સી.સી. રસ્તા તૈયાર કરાયા પછી તેની જાળવણી અને નિયમિત રસ્તાની સફાઈ હોંશિયામાં ધકેલાઈ છે જેના કારણે વરસાદની સીઝનમાં આર.સી.સી. રોડ ગંદકીનો પર્યાય બની ચૂક્યા છે.



### ગજબ કહેવાય, મૃત્યુ પામેલા સેક્રેટરીના નામે રોજમેળ ઉધાર્યો

# મનોરપુર દૂધ મંડળીમાં ૬.૨ લાખનું ઉચાપત કૌભાંડ

બાયડ (બ્યુરો ઓફિસ) તા.૧૭

હિંમતનગર તાલુકાની મનોરપુર દૂધ મંડળીના સેક્રેટરી લલીત ચીમનભાઈ પટેલે તેમની ફરજ દરમ્યાન સિલકમાંથી કોઈપણ પ્રકારના વાઉચર અને ઠરાવ વગર નિવૃત્ત અને મૃત્યુ પામેલા તત્કાલિન સેક્રેટરી નરસિંહભાઈ લાલાભાઈનું નામ બોગસ રીતે રોજમેળ વાઉચરમાં ઉધારી પી.એફ. તેમજ જી.એફ. સહિતમાં કુલ રૂા.૬,૦૨,૫૨૦ ની ઉચાપત કર્યાનું ઓડીટ તપાસમાં બહાર આવ્યું છે. વર્ષ-૨૦૧૯ થી ૨૦૨૦ ના સમયગાળામાં સેક્રેટરીએ નાણાકીય ગોલમાલ કરી હોવા છતાં મંડળીના અન્ય સભ્યોએ તેમાં મદદગારી કરી હોવાનું જણાઈ આવતાં ગાંભોઈ પોલીસે કુલ-૧૬ જણ સામે ગુનો નોંધી તપાસ હાથ ધરી છે.

જિલ્લાની દૂધ ઉત્પાદક સહકારી મંડળીઓમાં લાખો રૂપિયાના ઉચાપત કૌભાંડની પોલીસ ફરિયાદો પછી પણ ખોટું કરનારા સેક્રેટરીઓ કોલર ઉંચા કરી ફરી રહ્યા છે. પશુપાલકો રાત-દિવસ કાળી મજૂરી કરી દૂધ મંડળીઓને સદ્ધર બનાવવામાં પોતાનું યોગદાન આપી રહ્યા છે પરંતુ દૂધના વધુ ભાવ ચૂકવવાનું તો દૂર પરંતુ અનેક મંડળીઓમાં તેમનું શોષણ થઈ રહ્યું છે. જ્યારે ખોટું કરનારા અલમસ્ત થઈ નાણાકીય કૌભાંડ ચાલાકીપૂર્વક આચરતા હોય છે. તાલુકાના મનોરપુર દૂધ ઉત્પાદક મંડળીમાં તા.૧-૪-૨૦૧૯ થી તા.૩૧-૩-૨૦૨૦ ના સમયગાળામાં સેક્રેટરી લલીત ચીમનભાઈ પટેલે તા.૧-૪-૧૬ના રોજ નિવૃત્ત થયા પછી તા.૧૩-૧૧-૧૬ના રોજ મૃત્યુ પામેલા તત્કાલિન સેક્રેટરી નરસિંહભાઈ લાલાભાઈ પટેલના પી.એફ. તથા જી.એફ.ના રૂા.૫,૧૭,૦૨૦ તેમજ રૂા.૯૧,૯૬૦ મળી કુલ રૂા.૫,૯૩,૬૮૦ મૃતક સેક્રેટરીના નામે ખોટી રીતે રોજમેળમાં ઉધારી અંગત કામે વાપર્યા હતા જેમાં તા.૧૨-૩-૨૧ના રોજ સન્સ મેડીકલ એજન્સી, મહેતાપુરા, હિંમતનગરના નામે બોગસ રીતે રોજમેળના હિસાબમાં કેટલીક રકમ ઉધારી પોતાના અંગત કામમાં વાપરી હતી. આ ઉપરાંત વકીલ ફી અને નોટરી ફી ની ચૂકવાયેલ રકમમાં ખોટી રીતે રોજમેળ ઉધારી વધારાના રૂપિયાથી ખિસ્સાં ભરવાની સાથે રૂા.૬,૦૨,૫૨૦ ની ઉચાપત આચરી હતી જે તાજેતરના ઓડીટ તપાસમાં બહાર આવતાં પોલીસ ફરિયાદ થઈ છે. દૂધ મંડળીના સભ્ય પદે હિસાબો તથા રોજમેળ ચેક કરવાની જવાબદારી હોવા છતાં કેટલાક સભ્યોએ ચેક ન કરી કૌભાંડ આચરવામાં મદદગારી કર્યાનું બહાર આવતાં કુલ-૧૬ જણ સામે પોલીસ ફરિયાદ થઈ છે.

# આરોગ્ય વિભાગે સંવેદના ગુમાવી : ડુગરવાડા પંથકની સગર્ભા મહિલાઓને લેબોરેટરી પરીક્ષણ માટે ૨૦ કી.મી.નો ધક્કો

### મોડાસાના બદલે બોલુન્દ્રા પી.એચ.સી.માં લેબોરેટરી, ખાનગી વાહનમાં સગર્ભાઓને જીવનું જોખમ

બાયડ (બ્યુરો ઓફિસ) તા.૧૭

મોડાસા તાલુકાના ડુગરવાડા પંથકની સગર્ભા મહિલાઓને લેબોરેટરી પરીક્ષણ માટે ૨૦ કી.મી. દૂરનો ધક્કો થઈ રહ્યો છે. ખાનગી વાહનોમાં ક્ષમતા કરતાં પણ વધુ સગર્ભા મહિલાઓને બોલુન્દ્રા પ્રાથમિક આરોગ્ય કેન્દ્રમાં લાંબા થવું પડતું હોવાથી જીવ ક્યારેક જોખમમાં મૂકાઈ શકે છે. ડુગરવાડા થી મોડાસાનું અંતર ૩ કી.મી. હોવા છતાં આરોગ્ય વિભાગ દ્વારા સગર્ભાઓને ૨૦ કી.મી. દૂરના પ્રાથમિક આરોગ્ય કેન્દ્રમાં બોલાવવામાં આવતી હોવાથી તંત્રની સગર્ભા મહિલાઓ પ્રત્યેની સંવેદના ખાસ્સી ચર્ચામાં આવી છે. છેલ્લા ઘણા સમયથી ડુગરવાડા ઉપરાંત કોલવડા, દલીલપુર, બોરડી સહિતની સગર્ભા મહિલાઓને આ પ્રકારે દૂરના સ્થળે લેબોરેટરી પરીક્ષણ માટે જવું પડતું હોવાથી તંત્ર સામે અસંખ્ય પરિવારો રોષે ભરાયા છે.

કોરોનાના કપરા કાળમાં જિલ્લાનું આરોગ્ય તંત્ર ઉંધા માથે થયું હતું. સંક્રમિત દર્દી અને મૃત્યુના આંકડા સાથે જાદુગરી કરવામાં પાવરધું તંત્ર શરૂઆતમાં આંકડાની માયાજાળ રચવામાં સફળ રહ્યું પરંતુ ચારેકોરથી પસ્તાળ શરૂ થવાની સાથે કોરોનાની બીજી લહેર ઘાતક સાબિત થતાં પોતાની નિષ્ફળતાઓ ઢાંકવા માટે લાખ પ્રયત્નો કર્યા છતાં પોલ ઉજાગર થઈ હતી. હવે સંક્રમણ ઘટ્યું છે પરંતુ ત્રીજી લહેરમાં બાળકોની સાથે સગર્ભા મહિલાઓ સંક્રમણનો વધુ શિકાર બને તેવી આશંકાના પગલે રાજ્ય સરકારે ત્રીજી લહેરની તૈયારીઓ આરંભી દીધી છે. જિલ્લામાં સગર્ભા મહિલાઓના સ્વાસ્થ્યની ચિંતા કરી નક્કી કરેલા દિવસોમાં શારીરિક તપાસ કરવામાં આવતી હોય છે. સગર્ભા મહિલાઓના સ્વાસ્થ્યની તમામ ચિંતા આમ તો આરોગ્ય વિભાગે આશા વર્કર બહેનો ઉપર ઢોળી દીધી હોય તેવી સ્થિતિ જોવા મળી છે. સ્થાનિક પ્રાથમિક આરોગ્ય કેન્દ્રોમાં સગર્ભા મહિલાઓની નિષ્ણાત ગાયનેક તબીબો દ્વારા શારીરિક તપાસ કરવામાં આવતી હોવાના દાવા થઈ રહ્યા છે પરંતુ કેટલાક કિસ્સાઓમાં તો લેબોરેટરી પરીક્ષણ માટે સગર્ભાઓને દૂર દૂર સુધી જવાની ફરજ પડી છે. મોડાસા તાલુકાના ડુગરવાડા પંથકની સગર્ભા મહિલાઓ માટે આરોગ્ય વિભાગની આરોગ્ય ચકાસણી જોખમરૂપ બનવાની દહેશત છે. છેલ્લા કેટલાક સમયથી સગર્ભા મહિલાઓના લેબોરેટરી પરીક્ષણ માટેની તમામ વ્યવસ્થા ૨ કી.મી. દૂર મોડાસાના આરોગ્ય કેન્દ્રોમાં ઉપલબ્ધ હોવા છતાં મહિલાઓને ૨૦ કી.મી. દૂર બોલુન્દ્રા પ્રાથમિક આરોગ્ય કેન્દ્રમાં મોકલવામાં આવતાં ચણભણાટ શરૂ થયો છે. ખાનગી વાહનમાં બેસી મહિલાઓને દૂરના સ્થળે લેબોરેટરી પરીક્ષણ કરાવવા માટે જવું પડતું હોવાથી જીવનું જોખમ ઉભું થયું છે. આ મુદ્દે વિવાદ થવાના ભણકારા વચ્ચે આરોગ્ય વિભાગે સંવેદના ગુમાવી દીધી હોય તેમ સગર્ભા મહિલાઓને લેબોરેટરી પરીક્ષણ માટે દૂરના સ્થળે ધકેલવામાં આવી રહી છે જેમાં ન છૂટકે સગર્ભા મહિલાઓ ખાનગી વાહનમાં ઘેટાં-બકરાંની જેમ બેસવા મજબૂર બની ડુઘરવાડા પંથકથી દૂરના બોલુન્દ્રા પ્રાથમિક આરોગ્ય કેન્દ્રમાં લેબોરેટરી માટે જઈ રહી છે.

### પરીક્ષણ માટેની મુસાફરીમાં અઘટીત થયું તો જવાબદારી કોની..??

મોડાસા તાલુકાના ડુગરવાડા પંથકની સગર્ભા મહિલાઓને મોડાસાના બદલે ૨૦ કી.મી. દૂર બોલુન્દ્રા પ્રાથમિક આરોગ્ય કેન્દ્રમાં લેબોરેટરી પરીક્ષણ માટે મોકલવામાં આવતાં જોખમ ઉભું થયું છે. ખાનગી વાહનમાં પરીક્ષણ માટેની સગર્ભાઓની મુસાફરી દરમ્યાન કંઈક અઘટીત ઘટના બની તો જવાબદારી કોની..?? તે સવાલ ચર્ચાનો વિષય બન્યો છે.

# સારોલી પાસે કારની ટક્કરે બાઈક સવાર ૨ નાં મોત

બાયડ (બ્યુરો ઓફિસ) તા.૧૭

વિજયનગર તાલુકાના સારોલી પેટ્રોલ પંપ નજીકના વળાંકમાં પૂરઝડપે પસાર થતા કારચાલકે બાઈકને ટક્કર મારી ફંગોળી નાખતાં દિપક પ્રભુદાસ બલાત અને અંકીત કાન્તિભાઈ બલાત(બંન્ને રહે.સારોલી)નું ગંભીર ઈજાથી મોત નિપજ્યું હતું. અકસ્માતમાં બે યુવકોના જીવ હોમાઈ જતાં પંથકમાં શોકનું મોજુ ફરી વળ્યું છે. બનાવ અંગે વિજયનગર પોલીસે આરોપી કારચાલક સામે ગુનો નોંધી તપાસ શરૂ કરી છે.

ગતિમર્યાદા બહાર દોડતાં વાહનો યમદૂત સાબિત થઈ રહ્યાં છે. દ્વિ-ચક્રી વાહન ચાલકોના માથે કાળ હમણાંથી ભમી રહ્યો છે. સારોલી ગામના પ્રભુદાસ સડુજી બલાતનો પુત્ર દિપક તા.૧૫ ના રોજ બાઈક (નં.જી.જે.૦૯-ડીઈ-૮૩૮૭)ઉપર અંકીત બલાતને બેસાડી રોડ ઉપરથી પસાર થઈ રહ્યો હતો જે સમયે યમદૂત બનીને દોડતી કાર(નં.જી.જે.૩૧-એ-૯૯૮૧)ના ચાલકે બાઈકને ટક્કર મારતાં બંન્ને જણ ફૂટબોલની જેમ હવામાં ફંગોળાઈ રોડ ઉપર પટકાતાં માથા તથા શરીરના ભાગે થયેલ ગંભીર ઈજાના કારણે મોત નિપજ્યું હતું.

પાંચમી વાર્ષિક પુણ્યતિથિએ
શ્રદ્ધાંજલિ



સ્વ. ચંપકલાલ છબીલદાસ ગાંધી
સ્વ. તા.૧૮-૦૭-૨૦૧૬
સાકરીયા, તા.મોડાસા

આપનો અહેસાસ આજે પણ અમારા દિન-પ્રતિદિનની ક્રિયાઓમાં સામેલ છે, આપની સ્મૃતિ આજે પણ હર ધડકનમાં ધબકે છે, સમયસૂચકતા, દિર્ઘદ્રષ્ટી, સાહસ અને વ્યવહાર કુશળતાના વારસાના સહારે જીનને સાર્થક રીતે જીવવાના પ્રયત્નો કરીએ છીએ, સદૈવ આપના વાત્સલ્યાભિલાષી, પ્રભુ આપના પવિત્ર આત્માને શાંતિ અર્પે એ જ પ્રાર્થના.

લી.
ગં.સ્વ. ભાનુમતીબેન ચંપકલાલ ગાંધી
જયેશ ચંપકલાલ ગાંધી, મોડાસા — ડૉ. મિનેષ ચંપકલાલ ગાંધી, બાયડ
કામીની જયેશકુમાર ગાંધી — દિપા મિનેષકુમાર ગાંધી
જીનલ - વરૂણકુમાર — ડૉ. વિશ્વા
વિવેક
હિરેનકુમાર જે. ગાંધી (જમાઈ) ● પારૂલ હિરેનકુમાર ગાંધી (દિકરી)
નીશી - ઉન્નત
સ્વ.રમેશભાઈ છબીલદાસ ગાંધી — સ્વ.ભરતભાઈ છબીલદાસ ગાંધી
વિનોદભાઈ છબીલદાસ ગાંધી — ડૉ.રસિકભાઈ છબીલદાસ ગાંધી
ગીતાબેન પૂંજીલાલ કાવઠીયા(બહેન)
તથા સમસ્ત છબીલદાસ પુનમચંદદાસ ગાંધી પરિવાર
સાકરીયા, તા. મોડાસા, જિ. અરવલ્લી